
# મુરખ પાકિસ્તાન!

## મુખેથી મીઠા બોલે એની વાતોમાં બ્રહ્માંડ ડોલે



સારાંશ

★વિન્સી મરચન્ટ

જે બે જણની ટોળી અન્ય લોકો સાથે દુષ્ટતા અને ચાલાકી આચરે છે તેને ખાપરો અને ખોડીઓ કહે છે. તેની ગુજરાતમાં લોકવાર્તાઓ પણ છે. હાલના આંતરરાષ્ટ્રીય પટલ પર બે શઠની જોડીમાં મોટો શઠ ડોનાલ્ડ ટ્રમ્પનો 'ફેવરીટ' ફિલ્ડ માર્શલ પાકિસ્તાનનો અસીમ મુનીર છે જે હાલના સંદર્ભમાં ખાપરો છે. એ કઈ પણ ચાલાકી કરીને અમેરિકા અને ચીન બંને સાથે સમાચારમાં બની રહે છે, અને લુચ્ચા શિયાળ જેવો વડાપ્રધાન શહબાઝ શરીફ નાનો શઠ છે જે હાલના સંદર્ભમાં ખોડીઓ છે. ઘર આંગણે કોઈ ભાવ પૂછતું નથી. ઘર આંગણે પ્રશ્નો પણ ઘણા છે. સૌથી મોટો પ્રશ્ન તો નાણાંનો છે. પબ્લિક માટે તે નથી, પરંતુ જ્યારથી બંનેએ સત્તા સંભાળી છે અને ખાસ કરીને ઓપરેશન સિંદૂર બાદ બંને શઠ સમ્રાટો વારંવાર, અબજો પાકિસ્તાની રૂપિયા ખર્ચીને બીજા દેશોને સલાહો વેચવા, સમાધાનો કરવા પહોંચી જાય છે. 18 ફેબ્રુઆરીએ ઈરાન-ઈઝરાયલ, અમેરિકાનું યુદ્ધ શરૂ થયું હતું અને આજ દિવસ સુધી બંને આંતરરાષ્ટ્રીય મુફલીસો કોઈ સમાધાન કરાવી શક્યા નથી. શાણા હોય, અને પોતાના દેશની ફીકર હોય તો જાતે જ સમજી જાય કે સમાધાન કરાવવાની પોતાની શક્તિ અને હેસિયત નથી. જોકે માત્ર ગ્રાહક અને વેચનાર વચ્ચે ભાવતાલ કરાવી આપતા દલાલથી પણ નબળી તેઓની ભૂમિકા રહી ગઈ છે. કહો કે અમેરિકા અને ઈરાન વચ્ચે ટપાલીનું કામ કરે છે અને તેમાં પણ આબરૂ ખોઈ બેઠા છે.

જે લોકો ઘર આંગણે વકરેલા ત્રાસવાદનો, અફઘાનિસ્તાન સાથે કથળેલા સંબંધોનો, ખૈબર પખ્તુનવા તેમ જ સ્વતંત્ર બલોચીસ્તાનની લડાઈનો સામનો કરી શકતાં નથી, તેનો નકેલ લાવી શકતા નથી તેઓ બીજી મોટી સત્તાઓના ઝઘડા પતાવવા જા તો તે ક્યાંથી પતે? પોતાનું જ ખાસ કોઈ વજન નથી. હવે તો ઈરાનને પણ પાકિસ્તાન પર ભરોસો રહ્યો નથી અને અમેરિકાના અધિકારીઓ પાકિસ્તાનની બદમાશી જોઈને ચેતી ગયા છે. ખાપરો અને એની ખૂબસૂરત પ્રેમિકાનો કાકો ખોડીઓ હવે સાવ ખુલ્લા પડી ગયા છે.

અમેરિકાની મોટી અને મહત્વની સમાચાર સંસ્થા અને ટીવી ચેનલ સીબીએસ (કોલંબિયા બ્રોડકાસ્ટિંગ સિસ્ટમ) ન્યૂઝ દ્વારા પાકિસ્તાની ચાલાકીનો ભાંડો ફોડવામાં આવ્યો છે. સીબીએસ દ્વારા સમાચાર પ્રસારિત કરવામાં આવ્યા કે અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ શરૂ થયાં બાદ ઈરાનનાં વ્યુહાત્મક લડાકુ વિમાનોને અમેરિકા ખતમ ન કરી નાખે તે ઈરાદાથી પાકિસ્તાનમાં મોકલી દેવામાં આવ્યા હતા અને ઈરાનના વહાલા બની રહેવા પાકિસ્તાને ચોરી-ચૂપકે એ વિમાનોને પાકિસ્તાનના નૂરખાન તેમ જ બીજા એર-બેઝ ખાતે સાચવી રાખ્યા હતા. આ રીતે પાકિસ્તાને અમેરિકાના હિતો વિરૂદ્ધમની કામગીરીમાં ભાગ લીધો હતો અને ઈરાનના શત્રુઓ સમાન અમુક ખાડી-દેશો સાથે પણ વિશ્વાસઘાત કર્યો છે. વ્યુહાત્મક રીતે ઘણા મહત્વનાં ગણાતા નૂરખાન લશ્કરી હવાઈ મથક પર ઈરાનનાં વિમાનોને એટલા માટે રખાયાં હતા કે તે અમેરિકન હુમલાથી બચી જાય તો જ્યારે જરૂર પડે ત્યારે ઈરાન તેનો અમેરિકા વિરૂદ્ધ ઉપયોગ કરી શકે.

સીબીએસના આ વિસ્ફોટક ઘટસ્ફોટ બાદ પાકિસ્તાન પોતાના બચાવમાં તરેહ તરેહની દલીલો આપી રહ્યું છે, પણ તે કોઈને ગળે ઊતરતી નથી. યુદ્ધના ખરાખરીના સમયમાં એક પક્ષકારના વિમાનો, અને તે પણ ફાઈટર વિમાનો પોતાને ત્યાં કોણ રાખે? પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે ગઈ બારમી મેના રોજ એક સ્પષ્ટતા કરવાની કોશિશ કરી જોઈ પણ તે ખોટી હતી એટલે બધાએ તેને ખોટી જ માની છે. પાકના વિદેશ ખાતાએ કહ્યું કે સીબીએસના અહેવાલો સનસનાટી ફેલાવવાના ઈરાદાથી પ્રસિદ્ધ કરાયા છે અને એ રીતે તે ગેરમાર્ગે દોરનારા છે.

સીબીએસના રિપોર્ટ પ્રમાણે ઈરાનના અનેક એરક્રાફ્ટ્સ, જેમાં જાસૂસી

**એમ કહ્યું કે હાલમાં પાકિસ્તાનમાં જે ઈરાની ફાઈટર વિમાનો પાર્ક કરેલા છે તેને કોઈ લશ્કરી કટોકટી, અર્થાત ઈમરજન્સી સાથે નિસ્બત નથી ઈરાનનાં વિમાનો સાચવવા માટે પણ તેને લાવવામાં આવ્યા નથી તેમ પાકિસ્તાન કહે છે**

અને રિકનેસાં (રેકી) માટેનાં ઈરાન એરફોર્સના વિમાન આરસી-130નો સમાવેશ થાય છે, તે બધાને, એપ્રિલના પ્રારંભમાં પ્રમુખ ટ્રમ્પે સિઝફાયરની જાહેરાત કરી ત્યારબાદ તુરંત, રાવલપીંડી નજીકના નૂરખાન એર-બેઝ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ત્યારે યુદ્ધવિરામ થયો હતો, યુદ્ધની સમાપ્તિ તો હજી સુધી થઈ નથી. આ રવિવારે જ ઈરાનના ડ્રોન વિમાનોએ હૂમલો કર્યો તો અમરિકાએ તેને તોડી પાડ્યા હતા. મિડલ-ઈસ્ટમાં અમેરિકા અને આરબ દેશોની લશ્કરી અસ્કયામતો પર ઈરાન વારંવાર હૂમલા કરતું રહે છે. આવું ક્યાં સુધી ચાલતુ રહેશે તે નક્કી નથી.

ચેનલના રિપોર્ટસને પાકિસ્તાને નકારી કાઢયા અને એમ કહ્યું કે હાલમાં પાકિસ્તાનમાં જે ઈરાની ફાઈટર વિમાનો પાર્ક કરેલા છે તેને કોઈ લશ્કરી કટોકટી, અર્થાત ઈમરજન્સી સાથે નિસ્બત નથી ઈરાનનાં વિમાનો સાચવવા માટે પણ તેને લાવવામાં આવ્યા નથી તેમ પાકિસ્તાન કહે છે. પરંતુ તો પછી ભયંકર યુદ્ધનો દૌર ચાલી રહ્યો છે ત્યારે પાકિસ્તાનના આંગણામાં તે શા માટે છે?

રિપોર્ટ પ્રસિદ્ધ થયો ત્યારે ઈરાની વિમાનો પાકિસ્તાનમાં જ હતાં એટલે બીજો કોઈ બચાવ થઈ શકે પણ નહીં. છતાં પાકિસ્તાન કહે છે કે આ વિમાનોની પાકિસ્તાનમાં હાજરી માટે ચેનલે જે કારણો આપ્યાં છે તે માત્ર અટકળબાજી છે. અમુક બાબતોમાં અટકળબાજી સો ટકા સાચી પડે. કોઈ ચોર રાત્રે બે વાગ્યે મંદિરનું તાળું તોડે તો એ ચોરી કરવા માટે જ તોડ્યું હોય. દુનિયામાં એવી ઘણી બાબતો હોય છે જેને માત્ર જોવાથી તે વિષેની હકીકત સમજાઈ જાય છે. પરંતુ ઓપરેશન સિંદૂરના પરિણામો બાબતે પાકિસ્તાનની પ્રજાને ગોળી પીવડાવવામાં સફળ થયેલા ખાપરો-ખોડીઓ અહીં જુઠ બોલવામાં ઊણાં શેના ઊતરે?

ઈરાન-અમેરિકા વચ્ચે સમાધાન કરાવવાની બાબતમાં પાકિસ્તાન પોતાને નિષ્પક્ષ, તટસ્થ, રચનાત્મક અને જવાબદાર મધ્યસ્થી ગણાવે છે. ચેનલના રિપોર્ટના અનુસંધાને પાકિસ્તાને આ જુઠાં તોતાજાપનું ફરીથી રટણ કર્યું. એમ પણ કહ્યું કે વાટાઘાટોમાં ખોરંભો પડ્યો છે પણ ત્રણેય દેશો વચ્ચે સિનિય-લેવલનો રાજદ્વારી સંપર્ક ચાલુ છે. આ બદનામી જાહેર થઈ તેના થોડા દિવસો અગાઉ ઈરાનના વિદેશમંત્રી અબ્બાસ અઘરાચી, પાકિસ્તાનની મુલાકાતે જઈ આવ્યા હતા. આ ઘટનાને પાકિસ્તાને, પાકિસ્તાન પરનો ઈરાનનો ભરોસો ગણાવ્યો. અહીં ઈરાનના ભરોસાની વાત આવતી નથી. કારણ કે પાકિસ્તાને ઈરાનનાં વિમાનોની રખેવાળી સ્વીકારી હતી, અમેરિકાનાં વિમાનોની નહીં. અઘરાચીના વિમાનો પાકિસ્તાને સાચવ્યાં હતાં. છતાં ઈરાનને પાકિસ્તાન પર પાકો ભરોસો નહીં જ હોય. ઈરાનના શત્રુ સાઉદી અરેબિયા સાથે, ડોલર મેળવવાની આશામાં, પાકિસ્તાને સંરક્ષણ કરારો કરેલા જ છે. આ સ્થિતિમાં નથી ઈરાનને, નથી સાઉદી અરેબિયાને કે નથી અમેરિકાને પાકિસ્તાન પર ભરોસો રહેવાનો. બધાનાં બધાં જ (સંબંધો, કામો અને ખુલાસાઓ) બગડ્યાં છે. વાસ્તવમાં આ ચાલ ચાલીને, વિમાનો સાચવવા આપીને, અમેરિકા અને સાઉદી અરેબિયાની પડખામાં ઘૂસેલા પાકિસ્તાનને ઈરાને ખુલ્લું પાડી દીધું છે અને ઈરાનનો પક્ષ લેવો પડે તેવી સ્થિતિમાં મૂકી દીધું.

અમેરિકાના ટોચના હાકેમો માને છે કે યુદ્ધ વધુ ભડકવાની સંભાવનાઓ હતી તેથી ઈરાને પાકિસ્તાનને તેની રખેવાળી સોંપી દીધી. આ રીતે

'એક કાંકરે બે પક્ષી મારી નાખ્યા' કહે છે કે ઈરાને અફઘાનિસ્તાનને પણ અમુક વિમાનો સાચવવાં આપ્યાં હતાં. આ વાત જો સાચી હોય તો અર્થ એ થાય કે ઈરાન, યુદ્ધમાં જે ડિસ્પરેશન, છેલ્લા ઉપાયની, માનસિકતા પેદા થાય તેમાં આવી ગયું હતું. પણ પાકિસ્તાને તે વ્યવસ્થા સ્વીકારી લીધી. બધાને વહાલા થઈ જાય તો કોઈનો વહાલો ન રહે.

અફઘાનિસ્તાનના ઉડ્ડયન વિભાગના એક અધિકારી કહે છે કે યુદ્ધના ટાંકણે ઈરાનની મહાન એરલાઈન્સનું એક નાગરિક ઉડ્ડયન વિમાન કાબુલ આવી પહોંચ્યું હતું અને ઈરાનની એર-સ્પેસ (આકાશ) બંધ કરી દેવાયું તે પછી પણ કાબુલમાં રહ્યું હતું. એ અધિકારીના કહેવા પ્રમાણે ત્યારબાદ તાલીબાન સરકારે એ વિમાનને ખસેડીને હેરાત વિમાનમથક પર મોકલી આપ્યું હતું, જે ઈરાનની સરહદ નજીક છે. તાલીબાનને ડર હતો કે અમેરિકી દળો ઈરાનના વિમાનને નિશાન બનાવશે તો કાબુલના વિમાન મથકને પણ નુકશાન પહોંચશે.

પાકિસ્તાનને આ વિવાદમાં, કહો કે ઝગડામાં હોમી દેવા પાછળ ચીનનો પણ હાથ છે. ઈરાન સાથે સંબંધો વધારવા અને શાંતિ-સમાધાન માટે મધ્યસ્થી બનવાની ચાનક પાકિસ્તાનને ચડી હતી. પાકિસ્તાન મધ્યસ્થી કરી રહ્યું છે તે બાબતની અને જાહેરમાં પાકિસ્તાનની પ્રસંશા કરી છે. ચીન-પાકિસ્તાન આર્થિક કોરીડોર બાબતમાં ચીનના આર્થિક હિતો પાકિસ્તાનમાં છે. પાકિસ્તાન પાસે એક એવી ચાલ ચલાવવી જે ખુલ્લી પડી જવાની સો ટકા શક્યતા હોય. એ રીતે ચીને પાકિસ્તાનને અમેરિકાના અંકુશમાંથી બહાર કાઢી પોતાના અંકુશમાં લઈ લીધું છે. ખાપરો-ખોડીઓ આંતરરાષ્ટ્રીય દાવપેચમાં બરાબર ફસાઈ ગયા છે.

ઈરાન-અમેરિકા વચ્ચે સમાધાનની તૈયારી છે, તૈયારી છે એવી વાતો ઘણા સમયથી ચાલી રહી છે. આઠમી જૂનના છેલ્લા અહેવાલો મુજબ અમેરિકાએ ઈઝરાયલને સૂચના આપી છે કે તે ઈરાન પર હુમલો ન કરે, અન્યથા સમાધાન ધોંચમાં પડશે. જો કે ઈઝરાયલનું આજ દિવસ સુધીનું વર્તન કહે છે કે એ કોઈની કોઈની સૂચનાને ગંભીરતાથી લેતું નથી. પોતાના મનમાં આવે તે જ કરે છે. દરમિયાન ઈરાને એ સમાધાન માટેની પોતાની ત્રણ મહત્ત્વની દરખાસ્ત ટપાલી પાકિસ્તાનને સોંપી છે. તે મુજબ, યુદ્ધ દરમિયાન ઈરાનને પહોંચેલા નુકશાનની ઈઝરાયલ-અમેરિકા ભરપાઈ કરે, બે, હોર્મુઝની ખાડી (સમુદ્રધુની) પર ઈરાનનું સાર્વભૌમત્વ (સોવરેનટી)ને માન્ય રખાય, અને ત્રણ, ઈરાન પર જે આર્થિક પ્રતિબંધો લાદવામાં આવ્યા છે તે ઉઠાવી લેવામાં આવે. આમાંની બધી શરતો માન્ય રખાય એવી શક્યતા નથી, છતાં યુદ્ધમાંથી માનભેર બહાર નીકળવા માગતા ડોનાલ્ડ ટ્રમ્પ કેટલાં ડેસ્પરેટ છે તે સમાધાનના આખરી મુસદ્દા પરથી સમજી શકાશે.

દરમિયાન સીબીએસના રિપોર્ટને પરિણામે અમેરિકી અધિકારીઓમાં ચિંતા ફેલાઈ છે. સમાધાનના પ્રયત્નોમાં પાકિસ્તાનની તટસ્થતા પર સવાલો ખડા થયા છે. ટ્રમ્પના નજીકના સાથીદાર લિન્ડસે ગ્રેહામે એક્સ પર એક પોસ્ટ મૂકી લખ્યું છે કે, "પાકિસ્તાને જાતે સ્વીકારેલી (મતલબ કે બેગાની શાદીમાં નાચવા આવી ગયેલા) ભૂમિકાનું ફરીથી એસેસમેન્ટ કરવું જરૂરી છે."

ઈરાન અને અમેરિકા બન્નેને આનંદમાં રાખવા માટે પાકિસ્તાનના ટ્રમ્પ-ફેવરિટ ફિલ્ડ માર્શલે દુર્લભ ખનીજો પૂરાં પાડવા જેવી અન્ય બીજી વચનો પણ આપ્યાં હોઈ શકે. પાકિસ્તાનને અબ્રાહમ સંધિ (એકોર્ડ)માં ભાગીદાર બનાવવા ટ્રમ્પ ઈચ્છે છે. તે સામે પાકિસ્તાન પર આડકતરું શાસન ચલાવતા અમુક ત્રાસવાદી સંગઠનોના મૌલાના નેતાઓએ ખાપરો અને ખોડીઓને ગંભીર પરિણામોની ચીલ્લાઈ ચીલ્લાઈને ધમકીઓ આપી છે, ઈઝરાયલ સામેની દુશ્મની મૌલાનાઓના ડીએનએમાં ઘૂસી ગઈ છે. અબ્રાહમ એકોર્ડના ભાગીદાર બનવું તેનો અર્થ ઈઝરાયલને માન્યતા આપવાનો છે. હવે મુલ્લા અસીમ મુનીર તે માટે ના પાડશે તો ઈઝરાયલ-અમેરિકા માટે વધુ અળખામણા બનશે અને હા પાડશે તો ઘરઆંગણે થશે, બહુ દોઢ ડાહ્યા થવાની આકરી કિંમત ચૂકવવી પડતી હોય છે.